# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

ક્રમાંક:રાપબો/DPSE/૨૦૨૫/૧૦૨-૧૧૬ તા:૦૮/૦૧/૨૦૨૫

## "D.P.S.E. - પરીક્ષા- ૨૦૨૫"

### જાહેરનામું

શિક્ષણ વિભાગનાં પત્ર ક્રમાંક:જશભ/૧૨૧૭/સિંગલ ફાઈલ/૭૯/ન તારીખ:૧૯/૧૨/૨૦૧૭ થી ડિપ્લોમા ઈન પ્રી-સ્કુલ એજ્યુકેશન (D.P.S.E.) નાં પ્રથમ અને દ્વિતીય વર્ષના અભ્યાસક્રમ અને મુલ્યાંકન માળખાને શૈક્ષણિક વર્ષ:૨૦૧૭-૧૮ થી અજમાઈસી ધોરણે લાગુ કરી ત્યાર બાદ અંતિમ સ્વરૂપને અમલમાં મુકવાની મંજુરી આપવામાં આવેલ છે.

જે અનુસાર શૈક્ષણિક વર્ષ:૨૦૨૪-૨૫ માં ડી.પી.એસ.ઈ સંસ્થાઓમાં અભ્યાસ કરતાં નિયમિત પરીક્ષાર્થીઓ તેમજ આ અભ્યાસક્રમનાં પુનરાવર્તિત ઉમેદવારો માટેની બાહ્ય લેખિત પરીક્ષા આગામી એપ્રિલ - ૨૦૨૫ માં રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવશે.

ડી.પી.એસ.ઈ.નો નવો અભ્યાસક્રમ ઓગષ્ટ ૨૦૧૭ થી અમલમાં આવેલ છે. NCTE નોર્મ્સ મુજબ આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર ઉમેદવારે પ્રવેશ મેળવ્યા તારીખથી ત્રણ વર્ષમાં આ અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો રહે છે. જે અનુસાર વર્ષ:૨૦૧૬ થી અને ત્યાર પછીના દર વર્ષે ડી.પી.એસ.ઈ. પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધાની તારીખ થી ત્રણ વર્ષ સુધીમાં ડી.પી.એસ.ઈ. દ્વિતીય વર્ષની પરીક્ષા પાસ કરી અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો રહેશે. આ અંગેની તાલીમાર્થીઓને જાણ કરવાની જવાબદારી સંબધિત સંસ્થાઓની રહે છે.

## સમગ્ર પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ તથા સૂચનાઓ નીચે મુજબ છે

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું પ્રસિદ્ધ કરવાનીની તારીખ | ૦૮/૦૧/૨૦૨૫ |
| ૨ | રા.પ.બો. દ્વારા જાહેરનામું E-mail થી સંબધિત ડાયેટ અને તમામ સંસ્થાનોને મોકલવાની તારીખ | |
| ૩ | સંસ્થા દ્વારા ઉમેદવારોનાં આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૦૯/૦૧/૨૦૨૫ થી ૨૭/૦૧/૨૦૨૫ |
| ૪ | પરીક્ષા ફી ઓનલાઈન ભરવાનો સમયગાળો | ૦૯/૦૧/૨૦૨૫ થી ૨૮/૦૧/૨૦૨૫ |
| ૫ | બોર્ડ દ્વારા સીટનંબર અને મૂલ્યાંકન પત્રકો E-mail થી મોકલવાની તારીખ | ૦૧/૦૩/૨૦૨૫ |
| ૬ | તાલીમી સંસ્થા/કોલેજ કક્ષાએ લેવાતી તમામ બાહ્ય પ્રાયોગિક પરીક્ષાનો સમયગાળો | ૦૩/૦૩/૨૦૨૫ થી ૧૨/૦૩/૨૦૨૫ |
| ૭ | દરેક તાલીમી સંસ્થાના આચાર્યશ્રીઓએ બાહ્ય પ્રાયોગિક પરીક્ષાના પરીક્ષકો દ્વારા તૈયાર થયેલ ગુણપત્રકો (બાહ્ય પરીક્ષક+આંતરીક પરીક્ષક+એકંદરી પત્રક) સીલબંધ કવર્સ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરમાં રૂબરૂ જમા કરવાનો સમયગાળો | ૦૩/૦૪/૨૦૨૫ |
| ૮ | આચાર્યશ્રીએ સંસ્થા દ્વારા ભરાયેલા આવેદનપત્રોની હાર્ડકોપી રાજ્ય પરીક્ષા બોર્ડમાં જમા કરાવવાનો સમયગાળો | ૦૩/૦૪/૨૦૨૫ |
| ૯ | દરેક તાલીમી સંસ્થાઓએ સંસ્થા દ્વારા લેવાતી તમામ આંતરિક પરીક્ષાના ગુણપત્રકોનાં સીલબંધ કવર્સ સંસ્થાએ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરમાં જમા કરવાનો સમયગાળો | ૦૩/૦૪/૨૦૨૫ |
| ૧૦ | સંસ્થાઓએ ઓનલાઇન હોલ ટીકીટ ડાઉનલોડ કરી ઉમેદવારોને આપવાનો કરવાનો સમયગાળો | ૦૮/૦૪/૨૦૨૫ થી ૨૧/૦૪/૨૦૨૫ |
| ૧૧ | લેખિત પરીક્ષા | ૨૧/૦૪/૨૦૨૫ થી ૦૧/૦૫/૨૦૨૫ |

❖ <u>પરીક્ષાનાં પ્રશ્નપત્રો :</u>

- તમામ પ્રશ્નપત્રો વર્ણાનાત્મક સ્વરૂપના રહેશે.
- તમામ પ્રશ્નપત્રોના ઉત્તરો ઉત્તરવહીમાં જ આપવાના રહેશે.

❖ <u>ઉમેદવારની લાયકાત:</u>

1) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા કેન્દ્રીકૃત પ્રવેશ પ્રક્રિયાથી NCTE માન્યતા પ્રાપ્ત D.P.S.E. સંસ્થાઓમાં પ્રવેશ મેળવેલ હોય અને અભ્યાસ ચાલુ હોય તેવા ઉમેદવારો.
2) જે સંસ્થામાં અભ્યાસ કરતા હોય અને તે સંસ્થા દ્વારા ઉમેદવારોની રજી. ફી અને તે સંસ્થાના સંલગ્નતા ફી રાજ્ય પરીક્ષા બોર્ડમાં ચાલુ વર્ષે ભરવામાં આવેલ હોય.
3) NCTEનાં નોર્મ્સ અને GCERT દ્વારા નિયત થયેલ વર્ષ દરમિયાન નિયત શૈક્ષણિક કાર્ય દિવસ હાજર રહી અભ્યાસક્રમ પૂર્ણ કરેલો હોય તેવા જ ઉમેદવારો.
4) સ્વનિર્ભર ડી.પી.એસ.ઈ. સંસ્થામાં મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓની પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા મંજૂર કરેલ યાદી સાથે મોકલવાની રહેશે.

❖ <u>ઓનલાઇન અરજી કરવાની રીત:</u>

- <u>ઓનલાઈન અરજી કરવાની વિગતો આ સાથે અલગ પરિશિષ્ટથી સામેલ રાખેલ છે.</u>

❖ <u>ફી ભરવાની રીત:</u>

1. ઉમેદવાર/સંસ્થાએ ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD(Debit/Credit card)/NET BANKING, UPI/WALLET થી પરીક્ષા ભરવાની રહેશે.
2. <u>જો એક જ વિધાર્થીની</u> ઓનલાઈન ફી જમા કરાવવા માટે <u>"Print Application/Challan"</u> વિકલ્પ પસંદ કર્યા બાદ કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખની વિગતો ભરવી. ત્યાર બાદ "<u>Online Payment"</u> વિકલ્પ પસંદ કરવો.
3. <u>એક કરતા વધુ વિદ્યાર્થિની</u> ફી જમા કરાવવા માટે <u>"Print Application/Challan"</u> વિકલ્પ પસંદ કર્યા બાદ <u>"Multiple Payment"</u> વિકલ્પ પસંદ કરવો. ત્યાર બાદ એક પછી એક વિદ્યાર્થીના કન્ફર્મેશન નંબર એડ કરવા સાથે સાથે વિદ્યાર્થીનું નામ પણ ચેક કરવું. ત્યાર બાદ <u>"Submit"</u> વિકલ્પ પસંદ કરવો.
4. ત્યાર બાદ આપેલ વિકલ્પોમાંથી <u>Debit Card, Credit Card, Net Banking, UPI/WALLET</u> યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી.
5. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ હશે તો <u>"Successful"</u> ટ્રાન્ઝેકશન દર્શાવેલ <u>e-receipt</u> મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી.
6. જો ફી જમા થયા બાદ <u>"Successful"</u> ટ્રાન્ઝેકશન દર્શાવેલ <u>e-receipt</u> ન નીકળે તો ઉમેદવારે ૨૪ કલાક બાદ પુન: પ્રયત્ન કરી <u>e-receipt</u> ની પ્રિન્ટ કાઢવાની રહેશે.
7. બેંક ખાતામાંથી ફીની રકમ કપાયાના ૨૪ કલાક બાદ પણ <u>"Successful"</u> ટ્રાન્ઝેકશન દર્શાવેલ <u>e-receipt</u> જનરેટ ન થઈ હોય તો તેવા ઉમેદવારોએ તાત્કાલિક જરૂરી વિગતો સાથે રાજ્ય પરીક્ષા બોર્ડને ઈ-મેઈલથી જાણ કરવાની રહેશે. (gseb21@gmail.com)

❖ <u>પરીક્ષા ફી :</u>

- રાજય પરીક્ષા બોર્ડ દ્વારા નકકી થયેલ પરીક્ષા ફી નીચે મુજબ રહેશે.

| ડી.પી.એસ.ઈ. પ્રથમ અને દ્વિતીય વર્ષનાં નિયમિત ઉમેદવારની પરીક્ષા ફીની વિગત | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | પ્રથમ વર્ષ | દ્વિતીય વર્ષ |
| ૧ | ઓનલાઇન આવેદનપત્ર ફી | ૨૫/- | ૨૫/- |
| ૨ | નિયમિત તાલીમાર્થીઓની પરીક્ષા ફી | ૫૦૦/- | ૫૦૦/- |
| ૩ | ગુણપત્રક ફી | ૫૦/- | ૫૦/- |
| ૪ | પ્રમાણપત્ર ફી | - | ૫૦/- |
| ૫ | માઇગ્રેશન સર્ટીફીકેટ ફી | - | ૫૦/- |
| કુલ ફી | | ૫૭૫/- | ૬૭૫/- |
| ડી.પી.એસ.ઈ. પ્રથમ અને દ્વિતીય વર્ષનાં પુનરાવર્તિત ઉમેદવારની પરીક્ષા ફીની વિગત | | | |
| ૬ | ઓનલાઇન આવેદનપત્ર ફી | ૨૫/- | ૨૫/- |
| ૭ | પુનરાવર્તિત એક વિષય દીઠ | ૧૦૦/- | ૧૦૦/- |
| ૮ | ગુણપત્રક ફી | ૫૦/- | ૫૦/- |
| ડી.પી.એસ.ઈ. પ્રથમ અને દ્વિતીય વર્ષનાં નિયમિત / પુનરાવર્તિત ઉમેદવારની રીચેકિંગ ફીની વિગત | | | |
| ૯ | રીચેકીંગ ફી એક વિષય દીઠ | ૧૦૦/- | ૧૦૦/- |

❖ <u>સંસ્થાએ રજૂ કરવાના જરૂરી આધારો / પ્રમાણપત્રો વિગતો :-</u>

1. <u>ફાઈલ નંબર – ૧ માં રજુ કરવાના આધારો:-</u>

- નીચેના ફોર્મેટમાં સંસ્થાનો ફોર્વડીંગ લેટર

| ક્રમ | વિગત | ભાઈઓ | મહિલા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | DPSE પ્રથમ વર્ષના નિયમિત તાલીમાર્થીઓની સંખ્યા | | | |
| ૨ | DPSE પ્રથમ વર્ષના પુનરાવર્તિત ઉમેદવારોની સંખ્યા | | | |
| ૩ | DPSE દ્વિતિય વર્ષના નિયમિત તાલીમાર્થીઓની સંખ્યા | | | |
| ૪ | DPSE દ્વિતિય વર્ષના પુનરાવર્તિત ઉમેદવારોની સંખ્યા | | | |
| | કુલ | | | |

- સંસ્થાના ડી.પી.એસ.ઈ ના નિયમિત અને પુનરાવર્તિત ઉમેદવારોની વર્ષ વાર અલગ-અલગ યાદી ક્ષતિ રહિત ધો-૧૨ ની માર્કશીટ પ્રમાણે જ (અટક+વિદ્યાર્થીનું નામ+પિતાનું નામ-ALPHABATICALLY ORDER મુજબ) અંગ્રેજી કેપિટલ અક્ષરમાં "Times New Roman" ફોન્ટમાં હાર્ડ કોપી ફાઈલમાં સામેલ રાખવાના રહેશે.
- સંસ્થાએ પોતાના લેટર પેડ પર નીચેના ફોર્મેટમાં સંસ્થાની સંલગ્નતા અને તાલીમાર્થીઓની રજી. ફી બોર્ડ ખાતે જમા કરાવેલ છે તેની વિગતો દર્શાવતુ પત્રક :

| ફી | કુલ સંખ્યા | બેંક નું નામ | તારીખ | ટ્રાન્ઝિ./ડી.ડી નંબર | ફીની રકમ | કુલ રકમ |
|---|---|---|---|---|---|---|
| રજીસ્ટ્રેશન | | | | | | |
| સંલગ્નતા | - | | | | | |
| કુલ ફી | | | | | | |

2. ફાઈલ નંબર- ૨ માં રજુ કરવાના આધારો:-

- સંસ્થાના આચાર્યશ્રીના સહી-સિક્કા કરેલ ઓનલાઇન ભરેલા અસલ આવેદનપત્ર.
- આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કરેલી ધોરણ - ૧૨ ની માર્કશીટની નકલ.
- ડી.પી.એસ.ઈ. પ્રથમ વર્ષના (તમામ પ્રયત્નોની) માર્કશીટની નકલ (દ્વિતીય વર્ષના તમામ ઉમેદવારો માટે).
- ફી ભર્યાની "Successful" ટ્રાન્ઝેકશન દર્શાવેલ e-receiptની આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કરેલી નકલ.
- પ્રા.શિ..નિ.ની કચેરી દ્વારા આપવામાં આવેલ પ્રવેશપત્રની નકલ

3. ઉપરોક્ત બંને ફાઈલો પર નીચે દર્શાવેલ નમુનાનુ પત્રક પેસ્ટ કરી મુકવાનુ રહેશે.

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | કોલેજનો કોડ અને નામ | |
| ૨ | કોલેજનું પુરૂ સરનામું | |
| ૩ | કોલેજ જિલ્લો | |
| ૪ | કોલેજ આચાર્યશ્રીનુ નામ | |
| | આચાર્યશ્રીનો મો.નં | |
| | સંસ્થાનો ટેલીફોન નંબર | |
| ૫ | ડી.પી.એસ.ઈ- પ્રથમ વર્ષ નિયમિત ઉમેદવારોની સંખ્યા | |
| ૬ | ડી.પી.એસ.ઈ- પ્રથમ વર્ષ પુનરાવર્તિત ઉમેદવારોની સંખ્યા | |
| ૭ | ડી.પી.એસ.ઈ- દ્વિતિય વર્ષ નિયમિત ઉમેદવારોની સંખ્યા | |
| ૮ | ડી.પી.એસ.ઈ- દ્વિતિય વર્ષ પુનરાવર્તિત ઉમેદવારોની સંખ્યા | |
| ૯ | કુલ ઉમેદવારોની સંખ્યા | |

# ડી.પી.એસ.ઈ. પરીક્ષા – ૨૦૨૫ નું સમય પત્રક

## રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર

## ડી.પી.એસ.ઈ પ્રથમ વર્ષ પરીક્ષાનો કાર્યક્રમ એપ્રિલ - મે – ૨૦૨૫

| ક્રમ | તારીખ | વાર | સમય | વિષયનું નામ | ગુણ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૧/૦૪/૨૦૨૫ | સોમ | ૧૦:૦૦ થી ૧૩:૦૦ | ભારતમાં શિશુ સંભાળ અને કેળવણી | ૭૦ |
| ૨ | ૨૨/૦૪/૨૦૨૫ | મંગળ | ૧૦:૦૦ થી ૧૩:૦૦ | બાળક અને બાળ વિકાસ | ૭૦ |
| ૩ | ૨૩/૦૪/૨૦૨૫ | બુધ | ૧૦:૦૦ થી ૧૩:૦૦ | બાળ આરોગ્યશાસ્ત્ર અને પોષણ | ૭૦ |
| ૪ | ૨૪/૦૪/૨૦૨૫ | ગુરુ | ૧૦:૦૦ થી ૧૩:૦૦ | પૂર્વપ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ : સિધ્ધાંતો અને પ્રાથમિકતાઓ | ૭૦ |
| ૫ | ૨૫/૦૪/૨૦૨૫ | શુક્ર | ૧૦:૦૦ થી ૧૩:૦૦ | ગાણિતિક સંકલ્પનાનો વિકાસ | ૭૦ |
| ૬ | ૨૬/૦૪/૨૦૨૫ | શનિ | ૧૦:૦૦ થી ૧૩:૦૦ | ભાષા વિકાસ | ૭૦ |
| ૭ | ૨૮/૦૪/૨૦૨૫ | સોમ | ૧૦:૦૦ થી ૧૩:૦૦ | બાળકમાં પર્યાવરણીય સમજનો વિકાસ | ૭૦ |
| ૮ | ૩૦/૦૪/૨૦૨૫ | બુધ | ૧૦:૦૦ થી ૧૩:૦૦ | પૂર્વ પ્રાથમિક શિક્ષણની પધ્ધતિઓ અને સામગ્રી | ૭૦ |
| ૯ | ૦૧/૦૫/૨૦૨૫ | ગુરુ | ૧૦:૦૦ થી ૧૧:૩૦ | સ્વવિકાસ | ૩૦ |

| રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર<br>ડી.પી.એસ.ઈ દ્વિતીય વર્ષ પરીક્ષાનો કાર્યક્રમ એપ્રિલ-મે – ૨૦૨૫ | | | | | |
|---|---|---|---|---|---|
| કોર્ષ | તારીખ | વાર | સમય | વિષયનું નામ | ગુણ |
| ૧ | ૨૧/૦૪/૨૦૨૫ | સોમ | ૧૪:૦૦ થી ૧૭:૦૦ | જાતિ, વૈવિધ્ય અને સમાવેશી શિક્ષણ | ૭૦ |
| ૨ | ૨૨/૦૪/૨૦૨૫ | મંગળ | ૧૪:૦૦ થી ૧૭:૦૦ | પૂર્વ પ્રાથમિક શિક્ષણ: આયોજન અને વ્યસ્થાપન | ૭૦ |
| ૩ | ૨૩/૦૪/૨૦૨૫ | બુધ | ૧૪:૦૦ થી ૧૭:૦૦ | ભાષા, ગણિત અને પર્યાવરણનું સંકલિત શિક્ષણ | ૭૦ |
| ૪ | ૨૪/૦૪/૨૦૨૫ | ગુરૂ | ૧૪:૦૦ થી ૧૭:૦૦ | વાલી અને સમાજ શિક્ષણ | ૭૦ |
| ૫ | ૨૫/૦૪/૨૦૨૫ | શુક્ર | ૧૪:૦૦ થી ૧૫:૩૦ | સ્વ વિકાસ | ૩૦ |

❖ સંસ્થાએ કરવાની કાર્યવાહી:

1. સંસ્થાના નિયમિત/પુનરાવર્તિત વિદ્યાર્થીઓને પરીક્ષાના આવેદનપત્રો ઓનલાઇન ભરાવીને જરૂરી ચકાસણી કરી સહી-સિક્કા સાથે પ્રમાણિત કરવાની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાના આચાર્યશ્રીની રહેશે.
2. વિદ્યાર્થીઓ/કોલેજોએ ઓનલાઈન ભરેલા આવેદનપત્રો માં કોઇ પણ પ્રકારની ક્ષતિ હોય તો પૂરેપૂરી ચકાસણી કરી સંસ્થાના આચાર્ય દ્વારા જ સુધારો કરાવવાની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાના આચાર્ય ની રહેશે.
3. આચાર્યશ્રીએ પુનરાવર્તિત વિદ્યાર્થીના મુક્તિના વિષયો ની પૂરેપૂરી ચકાસણી કરી આવેદનપત્ર ભરાવવાના રહેશે.
4. ડી.પી.એસ.ઈ વિદ્યાર્થીઓને વાર્ષિકપાઠની બાહ્ય પરીક્ષા માટે સમયસર હાજર રાખવાના રહેશે.
5. બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ સીટનંબર મેળવી લેવા,તથા સંસ્થાના આચાર્યશ્રી દ્વારા મૂલ્યાંકનપત્રકો પર સીટનંબર સાથે જરૂરી વિગતોની પૂર્તતા કરવી.અને તેની ચકાસણી કર્યા બદલ સબંધિત સંસ્થાના પરીક્ષાર્થીઓના મૂલ્યાંકનપત્રકો પર આચાર્યશ્રી દ્વારા ગુણાંકન પહેલા સંસ્થાનો સિક્કો લગાવીને સહી કરી મોબાઇલ નંબર લખવાનો રહેશે.
6. ડી.પી.એસ.ઈ પરીક્ષા પૈકી જે તે પરીક્ષાના ગેરહાજર રહેલ પરીક્ષાર્થીની નોંધ જે તે આંતરિક પરીક્ષકશ્રી અને બાહ્ય પરીક્ષકશ્રીના તેમજ ઍકન્દરી મૂલ્યાંકનપત્રક પર સીટ નંબર સામે AB અને નીચે સીટ નંબરની નોધ "લાલ" શાહીથી સંસ્થાના આચાર્યશ્રી દ્વારા ગુણાંકન પહેલા કરવાની રહેશે .
7. સ્વનિર્ભર D.P.S.E. સંસ્થામાં મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવેલ તાલીમાર્થીની પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા મંજુર કરવામાં આવેલ યાદી અચુક મોકલવાની રહેશે.

❖ પાસીંગ ગુણ :

- ડી.પી.એસ.ઈ નવા અભ્યાસક્રમના પરીક્ષાર્થીઓ માટે જ તમામ પરીક્ષા અને દરેક વિષયમાં પાસીંગ ગુણ ૫૦% તથા ૫૦% કરતાં વધારાના ટકા દીઠ એક ગુણ પરંતુ વધુમાં વધુ ૧૫ ગુણ અને વધુમાં વધુ બે વિષય માં જ આ કૃપા ગુણનો લાભ મળી શકશે.

❖ ગેરરીતિ કેસ :-

- ગેરરીતિ કેસ વાળા તાલીમાર્થીઓએ તેમની સજા પૂર્ણ હોય તો સજાના હુકમની નકલ આવેદનપત્ર સાથે જોડવી.

❖ અંધ – અપંગ પરીક્ષાર્થીઓ બાબત:

- અંધ - અપંગ પરીક્ષાર્થીઓને ૨૦ મિનિટ વધુ સમય આપવાનો રહેશે.

❖ લહિયા (Writer) :

1. લહિયાની મંજુરી માટે ઉમેદવારે પરીક્ષા શરૂ થવાના ૨ દિવસ પહેલા સંબધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરી મેળવી લેવાની રહેશે.

2. લહિયાની મંજૂરી માટે ઉમેદવારે આચાર્યશ્રી મારફતે સિવીલ સર્જનના અપંગતાના પ્રમાણપત્ર સાથે સંબધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને દરખાસ્ત કરવાની રહેશે.
3. ધો.૧૧ સુધીના કોઈપણ ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને લહિયા તરીકે રાખી શકાશે.
4. અકસ્માતના સંજોગોમાં તાત્કાલિક લહીયાની આવશ્યકતા ઉભી થાય તો પણ સંબધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરી મેળવાની રહેશે.
5. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા જે લહિયાની મંજૂરી આપવામાં આવેલ હોય તેની નકલ રાજય પરીક્ષા બોર્ડને મોકલાવવાની રહેશે.
6. લહિયા પરીક્ષાર્થીઓને ૨૦ મિનિટ વધુ સમય આપવાનો રહેશે.
7. લહિયો ઉમેદવારે શોધવાનો રહેશે અને લહિયાને પરીક્ષા સ્થળે લાવવા - લઈ જવાની વ્યવસ્થા ઉમેદવારે કરવાની રહેશે.

❖ <u>અગત્યની સૂચનાઓ :-</u>

1. ઉમેદવાર અથવા શાળાઓ તેમના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલશે તો તે રદ ગણવામાં આવશે.
2. અરજી ફોર્મ ચોકસાઇ પૂર્વક ઓનલાઇન ભરવાનું રહેશે. નામ, અટક, જન્મ તારીખ, જાતિ કે અન્ય કોઇ બાબતે પાછળથી બોર્ડ દ્વારા કોઇપણ પ્રકાર નો સુધારો કરી આપવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવી.
3. અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો રાજ્ય પરીક્ષા બોર્ડનો સંપર્ક કરવો.

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

સ્થળ: ગાંધીનગર
તારીખ:૦૮/૦૧/૨૦૨૫

❖ નકલ સવિનય રવાના જાણ સારૂ.

1. માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, ગાંધીનગર.
2. માન. રા. ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, ગાંધીનગર.
3. અંગત સચિવશ્રી, માન. સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. માન. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, બ્લોક – ૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં. - ૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. માન. નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.

❖ નકલ રવાના અમલાર્થે

1. પ્રાચાર્યશ્રી જિલ્લા શિક્ષણ તાલીમ ભવન
   (બનાસકાંઠા, ભાવનગર, ખેડા)
2. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (બનાસકાંઠા, ભાવનગર, ખેડા)

# ડી.પી.એસ.ઈ. અભ્યાસક્રમના તાલીમાર્થીઓના આવેદનપત્રો ઓનલાઈન ભરવા માટેની પદ્ધતિ દર્શાવતું પરિશિષ્ટ

❖ ઓનલાઇન અરજી કરવાની રીત :-

આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તા.૦૯/૦૧/૨૦૨૫ થી તા:૨૭/૦૧/૨૦૨૫ દરમિયાન www.sebexam.org પર અરજીપત્રક ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક Confirm કર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.org પર જવું.
- Apply online ઉપર Click કરવું.
- "D.P.S.E. - I, D.P.S.E – II પરીક્ષા-૨૦૨૫" સામે Apply Online પર Click કરવું.
- ત્યારબાદ જે પરીક્ષાનું આવેદનપત્ર ભરવાનું હોય (D.P.S.E.–I કે D.P.S.E.– II તેના પર Apply Now પર Click કરવું.
- DSPE – II ના વિદ્યાર્થીઓએ વર્ષ – ૨૦૨૪ નો D.P.S.E.- I નો બેઠક નંબર એડ કરવાથી આપનું ફોર્મ આપો આપ સ્ક્રિન પર દેખાશે જેને ચકાસીને આગળની વિગતો ભરવી.
- Apply Now પર Click કરવાથી Application Form દેખાશે. Application Form માં સૌપ્રથમ માગવામાં આવેલ તમામ માહિતી ભરવાની રહેશે.
- Application Form માં * નિશાની વાળી માહિતી ફરજીયાત ભરવાની રહેશે.
- આવેદનપત્ર ઉમેદવારે ચોકસાઈપૂર્વક ભરવાનું રહેશે. ઉમેદવારનું નામ, અટક, જન્મતારીખ, જાતિ, પરીક્ષાના વિષયો કે અન્ય કોઇપણ બાબતે પાછળથી રાજ્ય પરીક્ષા બોર્ડ તરફથી કોઇપણ સુધારો કરી આપવામાં આવશે નહી, જેની ખાસ નોંધ લેવી.
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload photo - Signature પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. અહીં Photo અને Signature upload કરવાના છે.

- Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (10 Kb) સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં JPG format માં તમારો Photo store થયેલ છે તે ફાઇલને Select કરો. અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.
- જો અહિ અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. હવે Confirm Application પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો.
- એકવાર અરજી Confirm કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશે નહી.
- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm પર Click કરવું. Confirm પર Click કરવાથી ઉમેદવારની અરજીનો Online સ્વીકાર થશે તથા તે બાદ જ માન્ય ગણાશે.
- અરજી Confirm થઇ ગયા બાદ ઉમેદવાર નો Confirmation Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે Print Application પર Click કરવું. અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો.
- આથી તમારી અરજીપત્રકની પ્રિન્ટ કાઢી લેવી. ત્યારબાદ તા:૦૯/૦૧/૨૦૨૫ થી ૨૮/૦૧/૨૦૨૫ સુધીમાં ઓનલાઈન ફી ભરી “Successful” ટ્રાન્ઝેકશન દર્શાવેલ e-receipt ની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે.
- હવે અરજી પત્રકની પ્રિન્ટ પર પરીક્ષાર્થીએ ભરેલી તમામ વિગતો ખરેખર સાચી છે. તેની ખાતરી કરી પરીક્ષાર્થીની સહી લેવી તથા પ્રમાણિત કર્યા બદલ સંસ્થાના પ્રાચાર્યશ્રી/આચાર્યશ્રીએ સહી સિક્કા કરવાના રહેશે.